ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ૬૫૪૩ બાળકોને પ્રવેશ અપાયો

**શાળા પ્રવેશોત્સવમાં રોકડ અને વસ્તુઓના સ્વરૂપે અંદાજે રૂ. ૬૬ લાખથી વધુનો લોક સહકાર પ્રાપ્ત થયો : ગાંધીનગર જિલ્લામાં ૨૯ શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશન સુવિધાની શરૂઆત કરાઇ**

ગાંધીનગર, તા.૧૨

દેશનું ઉજળું ભવિષ્ય એવા નાના ભૂલકાઓનાં શાળા પ્રવેશને રાજ્ય સરકાર છેલ્લા ૨૦ વર્ષથી ઉત્સવ તરીકે મનાવી રહી છે. વર્ષ ૨૦૨૩નો પ્રવેશોત્સવ એવા જ ઉમંગથી રાજ્યભરમાં ઉજવાઈ રહ્યો છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ, ગાંધીનગર, કલોલ અને માણસા સહિતના ચારે તાલુકાના ૧૬૦ ગામોની ૨૧૮ પ્રાથમિક શાળાઓની ૧૪૭ જેટલા મહાનુભાવોએ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના પ્રથમ દિવસે મુલાકાત લીધી હતી.

પ્રથમ દિવસે જ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પોતાના બાળકોને પ્રવેશ અપાવવા માટે મોટી સંખ્યામાં વાલીગણ ઉમટ્યા હતા. જિલ્લાના ચારેય તાલુકાની આંગણવાડી તેમજ બાલમંદિરમાં ૮૯૫ કુમાર અને ૯૦૪ કન્યા સહિત કુલ ૧૭૯૯ બાળકોનું નામાંકન થયું હતું. આ ઉપરાંત ૨૧૯૦ કુમાર અને ૨૧૪૯ કન્યા સહિત ૪૩૩૯ બાળકોનું બાલવાટિકામાં નામાંકન થયું હતું.

જિલ્લાના ચારેય તાલુકાના ૨૧૬ કુમાર અને ૧૮૯ કન્યા સહિત કુલ ૪૦૫ જેટલા બાળકોનું ધોરણ- ૧ માં નામાંકન કરાવીને પ્રવેશ મેળવ્યો હતો. આ સિવાય ૧૨ કુમાર અને ૧૫ કન્યા મળીને કુલ ૨૭ જેટલા બાળકોનો ધોરણ-૧ માં પુનઃપ્રવેશ કરાવવામાં આવ્યો હતો. પ્રવેશોત્સવમાં આંગણવાડી, બાલમંદિર અને બાલ વાટિકામાં કુલ મળીને ૪ કુમાર અને ૪ કન્યા મળીને કુલ ૮ દિવ્યાંગ બાળકોને પણ પ્રવેશ અપાયો છે.

આ વર્ષે જિલ્લાના કુલ ૪૦૪૫ જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ ૯ માં પ્રવેશ મેળવ્યો છે જેમાં ૨૧૯૫ કુમાર અને ૧૮૫૦ દીકરીઓનો સમાવેશ થાય છે. આ વર્ષે દહેગામની ૭, ગાંધીનગરની ૭, કલોલની ૫ અને માણસાની ૧૦ એમ ૨૯ જેટલી શાળામાં ટ્રાન્સપોર્ટેશન સુવિધા ઉપલબ્ધ

● અનુસંધાન પાન-૭ પર

## ગોલથરા ખાતે પ્રવેશોત્સવમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ ઓચિંતા જ પહોંચ્યા

**ગોલથરા પ્રાથમિક શાળામાં ૧૨૪ બાળકોનું શાળા નામાંકન કરાવ્યું**

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યવ્યાપી બે દિવસીય શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની ગોલથરા પ્રાથમિક શાળાની ઓચિંતી મૂલાકાતે પહોંચ્યા હતા.



સમગ્ર રાજ્યમાં તા.૧૨ અને ૧૩ ના દિવસો દરમ્યાન યોજાઈ રહેલા શાળા પ્રવેશોત્સવ અન્વયે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ આ ગોલથરા પ્રાથમિક શાળાના શાળા પ્રવેશોત્સવમાં કોઈ જ પૂર્વનિર્ધારીત કાર્યક્રમ સિવાય પહોંચી ગયા હતા.

મુખ્યમંત્રીશ્રીને શાળામાં અચાનક આવેલા જોઈને શિક્ષકો, બાળકો અને વાલીઓએ આનંદ સહ આશ્ચર્યની અનૂભુતિ કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ ગોલથરા પ્રાથમિક શાળામાં પ્રતિકરૂપે બે બાળકોને ધોરણ-૧ અને બાલવાટિકામાં પ્રવેશ કરાવી શાળા પ્રવેશ કીટ અર્પણ કરી હતી.

# વાવાઝોડાની અસરના પગલે પવનની ગતિ વધી

**બપોર બાદ વાતાવરણમાં આવ્યો પલ્ટો : આકાશમાં વાદળોની અવરજવર વધી અને પવનની ગતિમાં વધારો થયો : વૃક્ષોની ડાળીઓ તુટી : હોર્ડીંગ્સ-બેનર્સને ખુબ નુકશાન થયુ**

ગાંધીનગર, તા. ૧૨

સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠા આવી પહોંચેલા બીપરજોય વાવાઝોડાની થોડી અસર ગાંધીનગરમાં જોવા મળી હતી. બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને પવનની ગતિ વધતા વૃક્ષની ડાળીઓ તુટી ગઈ હતી.

બિપરજોય વાવાઝોડાનો ખતરો સમગ્ર રાજ્ય પર મંડરાઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છનો દરિયો ગાંડોતૂર બન્યો છે. વાવાઝોડુ હજુ દરિયામાં હોવા છતાં કાંઠા વિસ્તારમાં ભારે તારાજી થઈ રહી હોય તેવા દૃશ્યો જોવા મળી રહ્યા છે. વાવાઝોડુ વિનાશક બની રહ્યુ છે ત્યારે તેની અસર ગાંધીનગર પર જોવા મળી રહી છે. દરિયાકાંઠાથી ઘણુ દૂર આવેલા ગાંધીનગરમાં પણ પવનની ગતિ વધી ગઈ હતી. આજે સવારથી જ પવનની ઝડપ વધવા લાગી હતી. બપોર બાદ આકાશમાં વાદળોની અવરજવર વધવા માંડી હતી.

વાદળોની અવરજવર વચ્ચે પવનની ગતિ ધીમે ધીમે વધવા માંડી હતી. તેજ ગતિએ પવન ફૂંકાતા વૃક્ષોની ડાળીઓ જમીન પર તુટીને પડવા લાગી હતી. વૃક્ષો તેજ ગતિથી ફૂંકાતા પવન સામે જાણે ઝીંક ઝીલી રહ્યા હોય તેમ ડોલી રહ્યા હતા. પવનની ગતિ વધતા અને વાદળોની અવરજવર વધતા ગરમીમાં ઘટાડો થયો હતો.

# શહેરમાં વાવાઝોડાની અસરથી વૃક્ષો જોખમી ન બને તે માટે ટીમો કામે લગાડી

**નમી પડેલા ઉભા સુકા વૃક્ષો દુર કરવા તેમજ તોતિંગ ડાળીઓનુ ટ્રીમીંગ કરવા માટે પણ ઝુંબેશ**

ગાંધીનગર તા ૧૨

ગુજરાતમાં બિપરજોય વાવાઝોડાના ખતરાના લીધે તંત્રએ એલર્ટ મોડમાં છે. વાવાઝોડા દરમિયાન કોઈ નુકશાન કે જાનહાનિ ન થાય તેવા પુરતા પ્રયાસો શરૂ કરી દેવાયા છે. જયારે ગાંધીનગરમાં પણ વાવાઝોડાની અસરના લીધે તા ૧૪ અને ૧૫ ના રોજ પવન સાથે વરસાદ થવાની સંભાવના છે. આવા સંજોગોમાં શહેરમાં નમી પડેલા ઉભા સુકા વૃક્ષો નાગરિકો માટે જોખમી ન બને તે માટે વનતંત્રએ આવા વૃક્ષો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરી છે. આ ઉપરાંત નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓનુ ટ્રીમીંગ પણ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે.

સૌરાષ્ટ્ર વિસ્તારના દરિયાકાંઠે બિપરજોય વાવાઝોડુ ટકરાય તેવી સંભાવના છે. જેના લીધે કંડલા, દ્વારકા, પોરબંદર સહીતના દરિયા વિસ્તારમાં એલર્ટ જાહેર કરી દેવાની સાથે વાવાઝોડા દરમિયાન કોઈ જાનહાનિ ન થાય તે માટે પણ સરકારે તમામ પ્રયત્નો શરૂ કરી દીધા છે. જયારે વાવાઝોડાના અંતે થયેલા નુકશાન સહીત અન્ય જરૂરી કામગીરી માટે પણ અત્યાર થી જ ટીમો તૈયાર કરી દેવામાં આવી છે. બિપરજોય વાવાઝોડાની અસર ગાંધીનગરમાં પણ વર્તાય તેવી સંભાવના છે. ગાંધીનગરમાં આ વાવાઝોડાની અસરના લીધે પવન ફુંકાવાની સાથે ભારે વરસાદ પણ થવાની શકયતા છે. શહેરમાં ઉનાળાની શરૂઆતથી વાતવરણ પલ્ટા વચ્ચે તોફાની વરસાદ પણ ગમે ત્યારે આવી જાય છે. અગાઉ પણ ભારે પવન સાથે વરસાદ વરસતા નગરમાં અનેક ઠેકાણે વૃક્ષો પણ ધરાશાયી થઈ ગયા હતા જયારે હાલ પણ સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગનુ કામ નિયમિત ન થતા ઘણાં ઠેકાણે વૃક્ષોનુ તોતિંગ ડાળીઓ ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી સંભાવના છે. જયારે બીજીતરફ બિપરજોય વાવાઝોડાનો ખતરો મડરાયો છે. ત્યારે ગાંધીનગરમાં પણ તા ૧૪ અને ૧૫ ના રોજ પવન સાથે વરસાદ આવે તેવી સંભાવના છે. જયારે ભારે પવનના સંજોગોમાં કોઈ જાનહાનિ ન થાય તેમજ નુકશાન ન થાય તે માટે વનતંત્ર દ્વારા આગોતરી તૈયારી કરવાનુ આયોજન કરાયુ છે. આ દરમિયાન જોખમી અને નમી પડેલા વૃક્ષો દુર કરવા માટે પણ ટીમો કામે લાગી છે.

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગની આસપાસ રાહદારીઓ માટે ફૂટપાથ બનાવવામાં આવી છે. આ ફૂટપાથને વસાહતીઓ દ્વારા જ ઘણીવાર નુકશાન પહોંચાડવામાં આવે છે. ખ-રોડની આસપાસ બનાવવામાં આવેલી ફૂટપાથના બ્લોક્સ નજીકમાં આવેલા ગ્રામ વિસ્તારમાં ગ્રામવાસીઓએ કાઢી નાંખી અહીં આવવા-જવા માટેનો રસ્તો બનાવી દીધો છે.

# શહેરમાં હજુ એક લાખથી વધુ મિલ્કતધારકોએ વેરો ભર્યો નથી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં હજુ એક લાખથી વધુ મિલ્કતધારકોએ વર્ષ-૨૦૨૩-૨૪ના વર્ષનો મિલ્કતવેરો ભર્યો નથી. મિલ્કતવેરા પેટે મનપાને અત્યાર સુધીમાં ૩૨ કરોડથી વધુની આવક થઈ છે.

શહેરમાં એક લાખ ૭૬ હજાર જેટલી મિલ્કતો આવેલી છે. આ પૈકી અત્યાર સુધીમાં ૬૫ હજાર જેટલા લોકોએ એડવાન્સ મિલ્કતવેરો ભરી ૧૦ ટકા વળતરની યોજનાનો લાભ લીધો છે. શહેરમાં આ વખતે ૩૦ ટકા જેટલા મિલ્કતધારકોએ ડિજીટલ પેમેન્ટ થકી પોતાનો મિલ્કતવેરો ભરી દીધો છે.

મિલ્કતવેરાના બિલોનું છાપકામ મોડુ થઈ આવતાં બિલોના વિતરણમાં વિલંબ થયો હતો. આ સ્થિતિને ધ્યાને રાખી સત્તાવાળાઓએ મિલ્કતવેરામાં વળતરની યોજના જે ૩૧મી મે ના રોજ પુરી થતી હતી તેમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે.

મિલ્કતવેરો ભરવાની મુદતમાં વધારો કરવામાં આવતાં લોકો પણ હવે ધીમી ગતિએ આ વેરો ભરપાઈ કરી રહ્યા છે. મિલ્કતવેરાની આવક એ મનપાની આવકનો મુખ્ય સ્ત્રોત રહ્યો છે. મનપાએ ખાસ ડ્રાઈવ કરી ૪૮૦૦ કરતાં વધુ નવી મિલ્કતો શોધી કાઢી છે. મનપાએ મિલ્કતવેરાનું માંગણુ ૭૯ કરોડ આકાર્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદમાં શહેરના માર્ગોનુ વધુ ધોવાણ અટકાવવા માટે પેચવર્કનુ કામ હાથ ધરાયુ

**ખ માર્ગ , જી ઇ બી ઉપરાંત ઇન્ફોસીટી વિસ્તારમાં પણ પેચવર્કની કામગીરી કરવામાં આવશે : સેકટરોના આંતરિક માર્ગો પર ઉબડ ખાબડની સ્થિતિ નિવારવા માટે પણ સ્થાનિકોની કોર્પોરેશનને રજુઆત**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં વરસાદી દિવસો પુર્વે તંત્ર હાલ પ્રિમોન્સુન પ્લાનની કામગીરી સંદર્ભે તૈયારીમાં લાગી ગયુ છે. ચોમાસુ માથે છે ત્યારે વરસાદી દિવસોને અનુલક્ષી પાણીના નિકાલની લાઈનની સફાઈ તેમજ સરકારી આવાસોના ધાબામાં પણ પાણીનો ભરાવો ન થાય તે માટે જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે મુખ્યમાર્ગો પર લાઈનમાંથી કચરો પણ ઉલેચવામાં આવી રહ્યો છે. જયારે વરસાદી દિવસો પુર્વે શહેરના માર્ગોનુ પેચવર્ક પણ હાથ ધરાયુ છે નગરના મુખ્યમાર્ગો પર સર્વેના અંતે માર્ગોને નુકશાન થતુ અટકાવવા માટે પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં નગરના ખ માર્ગ સહીત જી ઈ બી અને ઈન્ફોસીટી વિસ્તારમાં પણ પેચવર્કનુ કામ પુર્ણ કરાશે.

ગાંધીનગરમાં વરસાદી દિવસોની શરૂઆત પુર્વે પ્રિ મોન્સુન પ્લાન અન્વયે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે લાઈનની સફાઈ કરવામાં આવી રહી છે. જયારે બીજીતરફ ફુટપાથ નીચેની લાઈનમાંથી પણ કચરો ઉલેચવામાં આવ્યો છે. શહેરના સરકારી આવાસોમાં ધાબે ભરતા વરસાદી પાણીનો સમયસર નિકાલ થાય તે માટે ધાબા સફાઈ તેમજ લાઈનમાંથી પણ કચરો કાઢવામાં આવી રહ્યો છે. જયારે વરસાદી દિવસો દરમિયાન શહેરના માર્ગો પર પણ ઘણીવાર ગાબડા અસ્તિત્વમાં આવતા જોખમી દ્રશ્યો જોવા મળે છે. જેના નિરાકરણ માટે તંત્ર દ્વારા અગાઉ સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. નવા ગાંધીનગરમાં માર્ગોનુ સમારકામ કરવા માટે પણ કામ સોંપી દેવામાં આવ્યુ છે. જયારે વરસાદી દિવસો દરમિયાન કોઈપણ ઠેકાણે રસ્તામાં ધોવાણ કે ભંગાણ થાય તો પણ જવાબદાર એજન્સીને ત્વરિત સમારકામ કરી દેવા માટે સુચના આપવામાં આવી છે. શહેરના મુખ્યમાર્ગોને અનુલક્ષીને પણ પેચવર્કની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. પાટનગર યોજના વિભાગ દ્વારા શહેરના વિવિધ માર્ગો પર વરસાદી દિવસો દરમિયાન થતા ધોવાણને અટકાવવા માટે જયાં જરૂર છે તેવા માર્ગોને અનુલક્ષી થાગડ થીગડ કરવામાં આવી રહ્યુ છે. જેથી વરસાદમાં માર્ગોને વધુ નુકશાન ન થાય શહેરના ખ માર્ગ તેમજ જી ઈ બી પાસેના રસ્તા પર હાલ પેચવર્કની કામગીરી ચાલી રહી છે. જયારે આગામી દિવસોમાં ઈન્ફોસીટી વિસ્તારમાં પણ પેચવર્કનુ કામ હાથ ધરવામાં આવશે. શહેરમાં આંતરિક માર્ગોની જાળવણીનુ કામ હવે કોર્પોરેશનને સોંપવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોલવડા મર્ડર કેસના મુખ્ય સુત્રધાર "જમાદાર" ઝડપાયા

**છેલ્લા ૧૦ માસથી ઘનશ્યામસિંહ વાઘેલા નાસતા ફરતા હતા**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના કોલવડા ગામના દિલિપસિંહ વાઘેલાના ચકચારી મર્ડર કેસમાં છેલ્લા ૧૦ માસથી નાસતા ફરતા મુખ્ય સુત્રધાર ઘનશ્યામસિંહ વાઘેલા ઉર્ફે જમાદારને કોલવડા-રાંધેજા માર્ગ પરથી પેથાપુર પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ઘનશ્યામસિંહ વાઘેલાએ મળતીયાઓ સાથે મળી સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતે રહેતા કોંગ્રેસના મહામંત્રી વિરેન્દ્રસિંહ વાઘેલાના ઘર પર પથ્થરમારો કરી તોડફોડ કરી ઘાતક હથીયારો સાથે આતંક મચાવ્યો હતો.

ગાંધીનગરને અડીને આવેલા કોલવડા ગામની સીમમાં આવેલ આર્યુવેદિક કોલેજ પાસે હનુમાનજી મંદિર નજીક ગામના દિલિપસિંહ વાઘેલાને ગોળી મારી તિક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી હત્યા કરી હતી. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાતા તપાસ શરુ કરી હતી. ત્યારે આ હત્યા પ્રકરણમાં ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં.૭ ના ભાજપના મહિલા નગરસેવક સોનલબા વાઘેલાના પતિ ઘનશ્યામસિંહ વાઘેલા ઉર્ફે જમાદારે અગાઉની અદાવત રાખી મરનારના કૌટુબીક ભાઈને રૂ.૨૦ લાખની લાલચ આપી ટીપ મેળવી સોપારી આપી સાગરીતો પ્રભાતજી ડાભી, વિપુલ ઠાકોર ઉર્ફે ટેણીયો, તેમજ પ્રકાશ બારોટ ઉર્ફે ગઠીયો દ્વારા હત્યાને અંજામ આપ્યો હતો. આ પ્રકરણમાં પોલીસે ગણતરીના સમયમાં આરોપીઓને પકડી પાડ્યા હતા. પરંતુ મુખ્ય સુત્રધાર ઘનશ્યામસિંહ જમાદાર છેલ્લા ૧૦ માસથી પોલીસ સાથે સંતાકુકડી રમતા હતા. ત્યારે તાજેતરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી વિરેન્દ્રસિંહ વાઘેલાના ઘર પર વહેલી સવારે પથ્થર મારો કરી ઘાતક હથીયારો સાથે હુમલો કરી તોડફોડ કરતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. ત્યારે આજે પેથાપુર પોલીસે કોલવડા-રાંધેજા માર્ગ પર ઓએનજીસીના નાળીયા વિસ્તારમાંથી ઘનશ્યામસિંહ વાઘેલાને પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# યોગ દિવસનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ માણસા અને શહેરમાં સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં યોજાશે

**ત્રણ આઈકોનિક સ્થળોએ પણ યોગના વિશેષ કાર્યક્રમ યોજાશે : વિધાનસભા સંકુલ, આઈ.આઈ.ટી.-ગાંધીનગર અને કંથારપુર વડની આઈકોનિક સ્થળ તરીકે પસંદગી કરવામાં આવી : તંત્રએ તૈયારી આરંભી**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ માણસા ખાતે યોજાશે જયારે જિલ્લામાં ત્રણ આઈકોનિક સ્થાનો પર યોગના ખાસ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. મનપામાં યોગનો મુખ્ય કાર્યક્રમ સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાશે.



જિલ્લામાં યોગ દિવસની ઉજવણી માટેની તૈયારીઓનો આરંભ થઈ ચુક્યો છે. આ માટે જુદા જુદા અધિકારીઓને જવાબદારી આપતા હુકમો પણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરી દેવામાં આવ્યા છે.

જિલ્લામાં જિલ્લાકક્ષાનો મુખ્ય કાર્યક્રમ માણસા ખાતે તથા શહેરમાં સેન્ટ્રલ વિસ્ટા ખાતે મુખ્ય કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ૧૫મી જૂને જિલ્લાના દરેક ગામે યોગ અંગેની જાગૃતિ માટે ખાસ પ્રભાતફેરીનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ૧૫ થી ૨૦ જૂન દરમ્યાન ખાસ તાલિમ વર્ગો પણ યોજવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં વધુ ને વધુ લોકો યોગ દિવસની ઉજવણીમાં જોડાય તે માટેનું આયોજન એકાદ બે દિવસમાં આખરી કરી દેવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો મુજબ શહેર-જિલ્લામાં ત્રણ આઈકોનિક સ્થાનો પર પણ યોગના વિશેષ કાર્યક્રમો થકી ઉજવણી કરવામાં આવશે. જેમાં કંથારપુર વડ, ગાંધીનગર શહેરમાં વિધાનસભા સંકુલ અને આઈ.આઈ.ટી. ગાંધીનગરની પસંદગી કરવામાં આવી છે.

દરેક ગામે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો પર યોગાભ્યાસ હાલ ચાલી રહ્યો છે. તંત્રના અધિકારીઓ દ્વારા સ્થળ પસંદગીની કેટલા લોકો ભાગ લેશે સહિતની કામગીરી આરંભી દેવામાં આવી છે.

હાલ તો આ તૈયારીઓ ધીમી ગતિએ આરંભાઈ છે પણ એકાદ બે દિવસમાં આખા આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવશે.





## ભૂપેન્દ્ર પટેલના કાર્યકાળમાં નવી ૩૬૫ ગ્રામ પંચાયતને મંજૂરી

**રાજ્યના ૩૩ જિલ્લામાં ૧૪૨૩૫ ગ્રામ પંચાયતો હતી, જે છેલ્લા ૧૮ મહિનામાં વધીને ૧૪૬૦૦ ગ્રામ પંચાયત થઇ છે**

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં ગ્રામ પંચાયતોના વિભાજનની પ્રક્રિયા પંચાયત વિભાગ દ્વારા હાથ ધરાઈ છે. ૫ હજાર કે તેથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોના વિભાજન અંગેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. OBC અનામત લાગુ થાય તે પહેલાં ગ્રામ પંચાયતોના વિભાજનની પ્રક્રિયા પૂર્ણ કરાશે. તાજેતરમાં નવી ૧૯ ગ્રામ પંચાયતોને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતમાં નવી ગ્રામ પંચાયતો ઉમેરાતા ૧૪ હજાર ૬૦૦ ગ્રામ પંચાયત અસ્તિવમાં છે. રાજ્યમાં છેલ્લા ૧૮ મહિનામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કાર્યકાળમાં નવી ૩૬૫ ગ્રામ પંચાયતોને મંજૂરી આપવામાં આવી છે. તાજેતરમાં જ નવી ૧૯ ગ્રામ પંચાયતોને મંજૂરી આપવામાં આવી છે. અગાઉ ગુજરાતના ૩૩ જિલ્લામાં ૧૪૨૩૫ ગ્રામ પંચાયતો હતી. જે છેલ્લા ૧૮ મહિનામાં વધીને ૧૪૬૦૦ ગ્રામ પંચાયત થઈ છે. મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલે બીજી વખત સત્તા સંભાળ્યા પછી હાથ ધરાયેલી ગ્રામ પંચાયતની વિભાજન પ્રક્રિયામાં કુલ ૫૬ ગ્રામ પંચાયતોના વિભાજનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પૈકી અત્યાર સુધીમાં ૧૯ નવી ગ્રામ પંચાયતોને મંજૂરી અપાઈ છે.

# શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય કરવા માટે પ્રેસર ટેકનિકનો અમલ કરાશે

**કોમ્પ્યુટર રાઈઝ સ્કડા સિસ્ટમના લીધે લાઈનમાં પાણી ઘટતા હેવી મોટર ઓટોમેટીક ઓન થશે**

શહેરમાં સ્માર્ટ સીટી ના પ્રોજેક્ટ અન્વયે ૨૪ કલાક પાણીની પૂરું પાડવાની યોજના ટૂંકમાં અમલી બનશે શહેરમાં પાણી પુરવઠો સપ્લાય કરવા માટે શહેરના પૂર્વ અને પશ્ચિમ ઝોન માટે મેઈન લાઈનના આધારે ઘરે ઘરે પાણી પહોંચતું કરાશે જ્યારે આ વ્યવસ્થા માં કોઈ ખલેલ ઊભી ના થાય તે માટે આ બન્ને મેઈન લાઈનને ઈન્ટર કનેક્ટ કરીને પણ બન્ને ઝોનમાં પાણીનો સપ્લાય સતત ચાલુ રહે તેવી વ્યવસ્થા ગોઠવાશે

શહેરના સેક્ટરોમાં ખૂણે ખૂણે સુધી પાણીનો સપ્લાય આપવા માટે ચરેડી અને સરિતા વોટર વર્કસ પરથી પશ્ચિમ અને પૂર્વ ઝોનને અનુલક્ષી બે સ્વતંત્ર મેઈન પાઈપ લાઈન રહેશે. બેમાંથી એક વોટર વર્કસ માં ખામી સર્જાય તો પણ તે ચાલુ હાલતમાં રહેલા વોટર વર્કસની લાઈનને બીજાની સાથે જોડવા માટે માત્ર વાલ્વ ખોલવાના રહેશે. જેના આધારે વોટર વર્કસ પરથી પુરા પ્રેસર સાથે સમગ્ર શહેરને પાણી આપી શકાશે. સ્કાડા સિસ્ટમના કારણે ક્યાંય પણ લાઈનમાં પાણી ઘટશે તો કોમ્પ્યુટર દ્વારા જ વધારાની મોટરોને ચાલુ કરી દેવામાં આવશે. પાટનગરમાં ૨૪ કલાક પાણીની યોજનામાં ત્રીજા માળ સુધી પુરા દબાણથી પાણી પૂરું પાડવા પાણી પુરવઠા વિભાગ દ્વારા પ્રેસર ટેકનિકનો અમલ કરાશે જેને અનુલક્ષીને કોમ્પ્યુટરાઈઝ્ડ સ્કાડા સિસ્ટમના કારણે લાઈનમાં પાણી ઘટવાની સાથે ચરેડી અને સરિતા વોટર વર્કસ પરની હેવી ડ્યુટી મોટર પણ એની મેળે જ ચાલુ થઈ જતાં પાણીનો સપ્લાય ડિસ્ટર્બ નહી થાય જ્યારે આ યોજના અન્વયે ૧૫ મીટરની ઉંચાઈ સુધીના જોડાણમાં દિવસે કે રાત્રે નળ ખોલતા જ લાઈનમાંથી પાણી આવે તેવી વ્યવસ્થા ગોઠવાશે રહીશોએ ઘર વપરાશ માટે ધાબા પરની ટાંકીઓ ભરવી પડશે નહીં. મીટર પદ્ધતિથી પાણી નો સપ્લાય આપવાનો હોવાથી હાલના નાગરિકોના માથે આર્થિક બોજ વધશે તો બીજીતરફ પાણી પણ આખો દિવસ અને રાત મળશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com